# તેલંગણા ખરડાના મુદ્દે યુપીએનો વાસ્તવિક ઉદ્દેશ શું છે?

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)

છેલ્લા એક દાયકામાં તેલંગણા મુદ્દે યુપીએ સરકારના વલણ વારંવાર બદલાતું રહ્યું છે. વર્ષ 2004માં યુપીએ સરકારે તેલંગણા રાજ્ય રચવાનું વચન આપ્યું હતું. સરકારે તેલંગણા રાજ્ય બનાવવા નિર્ણય સૈદ્ધાંતિક રીતે લીધો હોવાની જાહેરાત શ્રી પી ચિદમ્બરમે કરી તેના માટે રાષ્ટ્રે ડિસેમ્બર- 2009 સુધી રાહ જોવી પડી હતી. આ પછી સરકારે વલણ બદલ્યું અને સમગ્ર મુદ્દે તપાસ કરવા માટે ન્યાયમૂર્તિ શ્રી કૃષ્ણ કમિટી નિયુક્ત કરી. આ સમિતિનો કોઈ નક્કર નિષ્કર્ષ આવ્યો નહિ.

વર્ષ 2013 માં યુપીએ સરકારે ફરીથી તેલંગણા રાજ્ય બનાવવા માટે સૈદ્ધાંતિક રીતે નિર્ણય લીધો. પ્રધાનમંડળે મોડે મોડે તેની મંજૂરી આપી. સંસદના વર્તમાન સત્રમાં તે દિશામાં પ્રગતિ થઈ નહિ. સરકારના નિર્ણય બાબતે નકારાત્મક પ્રતિક્રિયા કારણે અસરકારક રીતે આગળ વધવા માટે સરકાર અસમર્થ હોવાનું જણાયું. ભાજપ સંપૂર્ણપણે તેલંગણા અલગ રાજ્ય બનાવવાની તરફેણમાં છે. અમે સીમાંધારા વિસ્તારના લોકોની કાયદેસર ચિંતાને ધ્યાનમાં લેવા વિનંતી કરી છે. આ બંને વચ્ચે સમાધાનના પ્રયાસો મુશ્કેલ કે અશક્ય નથી. યુપીએ સરકારે તે દિશામાં અસરકારક પગલાં લીધા નથી.

એનડીએ સરકાર દ્વારા જે રીતે સમાધાનકારી અને સરળ રીતે ઝારખંડ, છત્તીસગઢ અને ઉત્તરાખંડ ત્રણ રાજ્યો બનાવવામાં આવ્યા, તેની સામે યુપીએ સરકારે તેલંગણાની રચનાનું કોકડું ગૂંચવી નાખ્યું છે. વર્તમાન સંસદીય સત્રમાં માત્ર આઠ દિવસની બાકી રહ્યા છે. આ આઠ દિવસમાં બે દિવસ સદસ્યોના અંગત કામકાજ માટે આરક્ષિત છે, જે બે શુક્રવાર છે. ચાલુ સત્ર અસરકારક કાયદાકીય કામકાજના માત્ર છ દિવસ જ બાકી રહે છે. આંધ્ર પ્રદેશ

(પુનર્રચના) ખરડો હજીસુધી સંસદમાં રજૂ કરવામાં આવ્યો નથી. છેલ્લી મિનિટ સુધી આ ખરડો યુપીએ કાયદેસર અને બંધારણીય રીતે, રાજ્ય બનાવવા માટેના પ્રયાસમાં લાવશે કે કેમ તે અંગે શંકા છે. શું યુપીએનો અંતિમ ઉદ્દેશ હાલના સત્રમાં તેલંગણા રચનાનો મુદ્દો યથાવત્ રાખવાનો છે?

નવા રાજ્યો રચવાના મુદ્દાઓ સાથે મજબૂત લોકલાગણી સંકળાયેલી હોય છે. રાજકીય પક્ષો જનતામાં તે બાબતે મહત્ત્વાકાંક્ષા સર્જે છે અને તેને સાકાર કરતા નથી તે બાબત અયોગ્ય છે. યુપીએ સરકારે તરત જ સંસદના બંને ગૃહોમાં આંધ્ર પ્રદેશ (પુનર્રચના) ખરડો બહાલી માટે લાવવો જોઈએ. તે બંને વિસ્તારોના હિતમાં હોય એવો સંતુલિત ખરડો લાવવાની બંધારણીય રીતે સુસંગત જોગવાઈઓ કરવી જોઈએ. હું તે ખરડાને ટેકો આપવા માટે પ્રતિક્ષા કરી રહ્યો છું.